**2710E524**

Candidate's Seat No :________

**B.A. Sem.-6 Examination**
**CC-314A - Gujarati**
**('આપણાં સૉનેટ')**
**October 2021**

**Time : 2-00 Hours]** **[Max. Marks : 50**

**સૂચના :** (૧) જમણી તરફના અંક જે તે પ્રશ્નની ગુણ દર્શાવે છે.
(૨) માગ્યા પ્રમાણે ઉત્તરો આપો.

## વિભાગ-૧

નીચેનામાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના વિગતે જવાબ આપો :

૧ સાહિત્ય સ્વરૂપ સૉનેટના લક્ષણોનો પરિચય કરાવો. ૧૪

૨ સૉનેટના ઉદ્‌ભવ અને વિકાસ વિશે વિગતે નોંધ લખો. ૧૪

૩ ચંદ્રશંકર ભટ્ટ સંપાદિત 'આપણાં સૉનેટ' સંગ્રહનું એક આદર્શ સૉનેટ સંગ્રહ તરીકે મૂલ્યાંકન કરો. ૧૪

૪ 'ભણકારા' સૉનેટનો રસલક્ષી પરિચય કરાવો. ૧૪

૫ સુંદરમ્‌ની સૉનેટકાર તરીકેની ખૂબીઓ અને ખામીઓ સૉનેટના ઉદાહરણ સાથે વર્ણવો. ૧૪

૬ ઉમાશંકર જોશીની સૉનેટકવિ તરીકેની વિશેષતાઓ અને મર્યાદાઓ તેમના સૉનેટના ઉદાહરણ સાથે વર્ણવો. ૧૪

૭ 'જૂનું ઘર ખાલી કરતાં' સૉનેટનો રસલક્ષી રસાસ્વાદ કરાવો. ૧૪

૮ 'વળાવી બા આવી' સૉનેટનો રસાસ્વાદ કરાવો. ૧૪

## વિભાગ-૨

૯ કોઈપણ આઠ હેતુલક્ષી પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો : ૦૮

(૧) સૉનેટ કઈ ભૂમિની નીપજ હોવાનો મત સર્વમાન્ય છે?
(અ) રોમ (બ) ઇટાલી (ક) ગ્રીક (ડ) ઇંગ્લેન્ડ

(૨) સૉનેટના કુલ કેટલા પ્રકાર છે?
(અ) બે (બ) ચાર (ક) એક (ડ) ત્રણ

(૩) સૉનેટમાં કુલ કેટલી પંક્તિઓ હોય છે?
(અ) ચૌદ (બ) બાર (ક) સોળ (ડ) અઢાર

(૪) આઠ અને છ એમ પંક્તિખંડોનું વિભાજન થયેલું હોય તેને કયા પ્રકારનું સૉનેટ કહેવાય?
(અ) શેક્સપિયરશાઈ (બ) મિલ્ટનશાઈ (ક) પેટ્રાર્કશાઈ (ડ) અનિયમિત

(૫) ૪+૪+૪+૨ એમ પંક્તિખંડોનું વિભાજન કયા પ્રકારના સૉનેટમાં જોવા મળે છે?
(અ) શેક્સપિયરશાઈ (બ) મિલ્ટનશાઈ (ક) પેટ્રાર્કશાઈ (ડ) અનિયમિત

[P.T.O.

(૬) ગુજરાતી ભાષાનું પ્રથમ સૉનેટ કયું છે?

(અ) 'પ્રેમની ઉષા' (બ) 'ભણકારા' (ક) 'મોગરો' (ડ) 'સુખ દુ:ખ'

(૭) આમાંથી કયું સોનેટ સુન્દરમે લખ્યું નથી?

(અ) 'અહો પૃથ્વીમૈયા' (બ) 'જાવા પૂર્વે' (ક) 'જઠરાગ્નિ' (ડ) 'ઉષા ન્હોતી જાગી'

(૮) નીચેનામાંથી કયું સૉનેટ રા. વિ. પાઠકે રચેલું છે?

(અ) 'ઉપહાર' (બ) '(ત્રિમૂર્તિ) ગાંધી' (ક) 'મધ્યાહન' (ડ) 'છેલ્લું દર્શન'

(૯) નીચેનામાંથી કયું સૉનેટ ઉમાશંકરે રચેલું નથી?

(અ) 'જઠરાગ્નિ' (બ) 'વિદાય' (ક) 'બે પૂર્ણિમાઓ' (ડ) 'રહ્યાં વર્ષો તેમાં'

(૧૦) 'ભરતી' સૉનેટના રચયિતા કોણ છે?

(અ) ઉમાશંકર જોશી (બ) 'સુન્દરમ્' (ક) પૂજાલાલ (ડ) કૃષ્ણલાલ શ્રીધરાણી

(૧૧) 'સમુદ્ર ભણી ઊપડ્યા કમરને કસી રંગથી' - આ પંક્તિનો છંદ કયો છે?

(અ) શિખરિણી (બ) મંદાક્રાન્તા (ક) પૃથ્વી (ડ) હરિણી

(૧૨) 'આયુષ્યના અવશેષે : ઘરભણી' - સૉનેટના રચયિતા કોણ છે?

(અ) રાજેન્દ્ર શાહ (બ) રાજેન્દ્ર શુક્લ (ક) પ્રહલાદ પારેખ (ડ) ઉશનસ્

(૧૩) નીચેનામાંથી કયું સૉનેટ ઉશનસ્ દ્વારા રચાયેલ નથી?

(અ) 'વળાવી બા આવી' (બ) 'જૂનું ઘર ખાલી કરતાં' (ક) 'હું જાણું' (ડ) 'વૃદ્ધપ્રીતિ'

(૧૪) 'એ મૂક્યું વન, એ મૂકવાં જન ઘણે વર્ષે મળ્યાં જે ક્ષણ'-આ પંક્તિ કયા સૉનેટની છે?

(અ) 'વૃદ્ધપ્રીતિ' (બ) 'વર્ષો પછી વતનમાં' (ક) 'હું જાણું' (ડ) 'વતનથી વિદાય થતા'

(૧૫) 'લીલા તારી' સૉનેટના રચયિતા કોણ છે?

(અ) જયન્ત પાઠક (બ) 'ઉસનસ' (ક) બાલમુકુંદ દવે (ડ) સુરેશ દલાલ

(૧૬) 'તુલસીપર્ણ' સૉનેટ કયા કવિની રચના છે?

(અ) મણિલાલ દેસાઈ (બ) ભગવતીકુમાર શર્મા (ક) સુરેશ દલાલ (ડ) ચંદ્રકાન્ત શેઠ.

**2710E524-3** Candidate's Seat No :________

**B.A. Sem.-6 Examination**

**Core 314B - Gujarati**

**('અખાના છપ્પા')**

**Time : 2-00 Hours]** **October 2021** **[Max. Marks : 50**

**સૂચના :** (૧) જમણી તરફના અંક જે તે **પ્રશ્નનો ગુણ** દર્શાવે છે.

(૨) માગ્યા પ્રમાણે ઉત્તરો આપો.

## વિભાગ-૧

નીચેનામાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના ઉત્તર આપો :

૧ છપ્પા સાહિત્ય સ્વરૂપની લાક્ષણિકતાઓને વિગતે ચર્ચા કરો. ૧૪

૨ અખાના જીવન અને સાહિત્ય સર્જનની ચર્ચા કરો. ૧૪

૩ સાહિત્ય સ્વરૂપ લેખે 'છપ્પા'ના વિકાસને સદૃષ્ટાંત ચર્ચા કરો. ૧૪

૪ 'અખાના છપ્પા'ને આધારે અખાને જ્ઞાની કવિ તરીકે મૂલવો. ૧૪

૫ 'અખાના છપ્પા'ને આધારે અખાની કવિ તરીકેની વિશેષતાઓ-મર્યાદાઓને વર્ણવો. ૧૪

૬ 'અખાના છપ્પા'ઓની ભાષાશૈલી. ૧૪

૭ 'વૈરાગ્ય અંગ'-ના છપ્પાઓનું રસદર્શન કરાવો. ૧૪

૮ નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો : ૧૪

માણસને સુધરવું હોય તો સારા વિચારની જરૂર છે, પણ સારા વિચાર ભેગા કરવા કરતાં સારી ચીજો ભેગી કરવાનું વલણ હાલનાં માણસોના મનમાં વધુ દેખાય છે. જેટલી ઝડપથી વિજ્ઞાનની શોધો આગળ વધી રહી છે, એટલી ઝડપથી નીતિ અને સંસ્કાર આગળ વધતાં નથી. હાલના કાળમાં ધર્મની ભાવના ઓછી થયેલી છે, તેથી લક્ષ્ય વગર સાધનને ફળ માની બેસાય છે. સ્વરાજ સાધન છે અને બ્રહ્મજ્ઞાન ફળ છે, તેને બદલે સ્વરાજને ફળ માનવામાં આવે છે અને સાધનમાં મૂડીવાદને મજૂરીવાદ માનવામાં આવે છે, જે લોકો સત્ય અને અસત્યનો વિચાર ન કરી શકે તો તે દેશનું એક જાતનું કમભાગ્ય જ છે.

**–સ્વામી માધવતીર્થ**

## વિભાગ-૨

૯ કોઈપણ આઠ હેતુલક્ષી પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો : ૦૮

(૧) અખાનો સંભવિત કવનકાળ કયો છે?

(અ) ઈ.સ. ૧૬૪૦-૧૬૫૫ (બ) ઈ.સ. ૧૫૯૧-૧૬૫૬

(ક) ઈ.સ. ૧૬૩૫-૧૬૪૫ (ડ) ઈ.સ. ૧૬૩૦-૧૬૫૫

(૨) નીચેનામાંથી કઈ કૃતિ અખાની નથી.

(અ) આત્મજ્ઞાન (બ) અનુભવ બિંદુ (ક) ગુરુશિષ્ય સંવાદ (ડ) અખેગીતા

**[P.T.O.**

(૩) અખાએ તેમના છપ્પાઓમાં સમાજસુધારા તરીકે કઈ બાબતો પર ધ્યાન ખેંચ્યું છે?

(અ) પૂજા (બ) તીર્થ (ક) પાંખડીઓનો વિછો (ડ) ભક્તની ઠેકડી

(૪) અખાજી કાવ્યસર્જનનો પ્રારંભ કયા કાવ્યસર્જનથી કર્યો?

(અ) અનુભવ બિંદુ (બ) અખેગીતા (ક) બ્રહ્મલીલા (ડ) પંચીકરણ

(૫) અખાની આમાંથી કઈ વિશેષતા છે?

(અ) હાસ્યકવિ (બ) ચાબખા કર્તા (ક) જ્ઞાનનો વડલો (ડ) આખ્યાનના જનક

(૬) અખાના કાવ્ય સર્જનમાં તમામ રચનાઓનો એકજ રસ કયો છે?

(અ) શાંતરસ (બ) બ્રહ્મરસ (ક) હાસ્યરસ (ડ) ભક્તિરસ

(૭) 'અખેગીતા' કેટલા કડવાઓમાં વિસ્તરેલ રચના છે?

(અ) ૪૦ (બ) ૪૮ (ક) ૪૫ (ડ) ૫૦

(૮) છપ્પાઓને અખાજીએ કયા નામથી વહેંચ્યા છે?

(અ) કડવા (બ) સર્ગ (ક) ખંડ (ડ) અંગ

(૯) ૧૭મી સદીમાં બળવત્તર બનેલી જ્ઞાનમાર્ગી ધારાના મુખ્ય કવિ કોણ છે?

(અ) ગુણવિનય (બ) અખો (ક) ભાલણ (ડ) નરહરિ

(૧૦) મધ્યકાલીન યુગમાં અખાને કયા કવિ તરીકે ઓળખવામાં આવે છે.

(અ) વેદાંતી (બ) કવિગુરુ (ક) કવિ શિરોમણી (ડ) કુલગુરુ

(૧૧) ટંકશાળમાં અખા પર શેનો આરોપ મૂકવામાં આવ્યો હતો?

(અ) કિન્નાખોરી (બ) ભેળસેળ (ક) ચોરીનો (ડ) કાળાબજારી

(૧૨) 'અખેગીતા'નો મુખ્ય વિષય કયો છે?

(અ) તત્ત્વજ્ઞાન (બ) ભક્તિ (ક) પ્રકૃતિ (ડ) પ્રણય

(૧૩) 'શિષ્યઅંગ'માં કવિએ કેટલા છપ્પા સમાવ્યા છે?

(અ) ૧૯ (બ) ૨૦ (ક) ૨૧ (ડ) ૨૨

(૧૪) 'માયાઅંગ'માં કેટલા છપ્પા છે?

(અ) ૩૨ (બ) ૩૩ (ક) ૩૪ (ડ) ૩૫

(૧૫) અખાએ સંસારનો ત્યાગ કેમ કર્યો?

(અ) જ્ઞાનની શોધ (બ) ગુરુ થવા માટે (ક) ગુરુનો શોધ (ડ) તપ સાધના માટે

(૧૬) 'પ્રાપ્તિઅંગ'માં કેટલા છપ્પા છે?

(અ) ૯ (બ) ૧૦ (ક) ૧૧ (ડ) ૧૨

---